Sarth E- Journal

Saarth E-Journal

# Saarth E-Journal of Research

E-mail : sarthejournal@gmail.com
www.sarthejournal.com

ISSN NO : 2395-339X
Peer Reviewed
Vol.2 No.14

Impact Factor : 6.89
Quarterly
January to March2017

## ગેય સાધતા શબ્દોની બનેલી કર્ણપ્રિય રચના એટલે ગીત

**Dr. Rajendra Kumar k. Makwana**

આપણે જેને 'ગીત' અથવા અભિજાત ગીત તરીકે ઓળખાવીએ છીએ તે સાહિત્ય સ્વરૂપ માનવકંઠના જેટલી જૂની વસ્તુ છે. ઉર્મિકાવ્યના પ્રકાર તરીકે વિકસેલું આજનું આ ગીત એ માનવસંસ્કૃતિના વિકાસમાં બિલકુલ આરંભકાળનું સર્જન કહી શકાય.

સૌથી પહેલાં મનુષ્ય પ્રકૃતિના સાનિધ્યમાં આવ્યો હોય એ સ્વાભાવિક છે. પ્રકૃતિની ગોદમાં જીવન જીવતા તેને સહજ રીતે જ અંતરની ગતિવિધિમાં ક્યાંક લયાત્મક ગુંજન મળ્યું હશે. પ્રકૃતિના તત્વોએ એના પર જાદુ કર્યો હશે. પરિણામે પ્રકૃતિમાં પડેલાં કુદરતનાં વિવિધ રૂપોને આંતરચક્ષુથી નિહાળવા લાગ્યો હશે. કુદરતમાં પડેલી સ્નેહની સૃષ્ટિ અને વિરહના આંસુએ તેના હૃદયમાં પડેલા સ્થાયિ-ભાવો જેવા કે- રતિ/પ્રેમ, હ્રાસ, શોધ, ક્રોધ, ઉત્સાહ, જુગુપ્સા, વિસ્મય, ભય વગેરેને ટકોર્યા હશે પછી તેણે જરૂરિયાતના એક સાધન તરીકે વિકસેલી વાણી ધ્વારા પ્રસંગ અનુસાર ઉત્કટતાએ પહોંચતા હૃદયના ભાવને તેણે વહેતા કર્યા હોઈ અથવા તો હૃદયમાં સમાઈ ન શકતી ઉર્મિઓ સહજ જ અભિવ્યક્તિ પામવા મથી રહી હશે અને એમાંથી ગીત જન્મ્યું હશે એવો કલ્પના કરી શકાય.

એમ કહી શકાય કે ગીત મનુષ્ય હૃદયની ઉર્મિઓમાં રસાઈને, લયઆવર્તનોમાંથી પસાર થતા ગેયત્વ સાધતા-સિદ્ધ કરતા શબ્દોની બનેલી કર્ણપ્રિય રચના છે.

આમ ગીતમાં માનવ હૃદયનો સ્વયંભૂ સરળ નિર્વ્યાજ અને તાજગીભરી ઉર્મિનો સીધો આવિષ્કાર જોવા મળે છે. પરિઆમે એની પરંપરા રચાતાં સમૃદ્ધ ભાવો, સમૃદ્ધભાવ ચિત્રો અને મોહક લય-ગુંજનનું અનુકરણ કરવાના પ્રયત્નો થયા હશે. સમય જતાં પછી ઉર્મિના સીધા આવિષ્કારવાળું લોકગીત અને સમૃદ્ધ ભાવો, ભાવચિત્ર અને સમૃદ્ધ લય-ગુંજનવાળુ શિષ્ટ ગીત એવી ગીતની ભેદરેખા પાડવામાં આવી હશે.

'લોકગીત' એવો શબ્દપ્રયોગ આપણે કરીએ છીએ એ મતલબ લોકોમાં વહેતું થયેલું લોકકંઠે રસાઈ-મલાઈને આવેલું ગીત એવો અર્થ થાય છે.

સાહિત્યની દૃષ્ટિએ વિચાર કરીએ તો ગીતનાં મૂળ લોકસાહિત્યમાં ગણી શકાય. 'લોકસાહિત્ય' એટલે લોકો દ્વારા, લોકો માટે, લોકબોલીઓમાં રચાયેલું લોકોનું કંઠસ્થ સાહિત્ય એવી વ્યાખ્યા પ્રો. જયવંત શેખડીવાળાએ આપી છે. જેના તમામ લક્ષણો આરંભમાં ગીતને અનુકૂળ છે એટલે ગીતની જનેતા લોકસાહિત્યને ગણી શકાય એમાં કોઇ શંકાને સ્થાન નથી. લોકસાહિત્યનું પ્રભાવસ્થાન લોકહૃદય છે. લોકજીવનમાંથી જ અનાયાસે પ્રકટેલું છે, લોકો વડે સચવાયું, સવર્ધાયુ અને સંસ્કારાયું છે એથી જ એ પ્રજાનો મૂલ્યવાન સંસ્કાર વારસો છે. લોકસાહિત્ય પ્રકારમાં આવતાં આ ગીત સ્વરૂપને 'લોકગીત' એવું નામ પણ મળ્યું છે. લોકગીતો નવરાત્રિ જેવા તહેવારો, મેળાના અવસરો પર, લગ્ન પ્રસંગે ઉમળકાભેર ગવાય છે તેમાં મનુષ્યો મુક્ત મને સંવેદનાને વાચા આપે છે. આ લોકગીતો સરળ, મધુર, જીવંત, તળપદા, પરિવેશમાં પ્રગટ થયાં છે. તે 'ઢાળો' માં ઢળેલાં છે. તેમાં 'ટેક' અથવા 'ઢાળ' ની પંક્તિઓ વેધક હોય છે. તેમાં કેન્દ્રભાવ, કલ્પના વિચારનું લાઘવપૂર્ણ નિરૂપણ હોય છે. તેમાં ભાવના માધુર્યનો મહિમા હોય છે, શબ્દનો નહિ.

## 'ગીત'સ્વરૂપ ચર્ચા

- 'ગીત' ની સંજ્ઞા તળે સમાજતા કળા વિભાવમાં સમયાંતરે ફેરફાર થતા રહ્યા છે. ગવાય તે ગીત (ગીત ગીય તે ઈતિ) અને નાદાત્મક અક્ષર સંચય એવું પ્રાચીન લક્ષણ મળે છે.
- 'ભગવદ્ ગો મંડળ'ના વોલ્યુમ-3 ના પૃ. 2841 ઉપર નોંધાયું છે, ''ગં એટલે ગાવું (નપું) ગાયન, કવિતા, ધોળું, ગાણું, સંસ્કૃત કે પ્રાકૃત જે કઇ સ્વર, તાલ, ગ્રામભેદ રાગ અને રાગના અંગોવાળું હોય, તેને ગીત કહે છે. ગીત એટલે સાહિત્યની પૂર્ણ અર્થ ભાવનાવાળી શબ્દમય રચના સુમધુર નાદ દ્વારા વ્યક્ત કરી વિસ્તાર કરી બતાવવું તે.''
- ''માનવ હૃદયની સૈથી નજીક જો કોઇ કાવ્યપ્રકાર હોય તો તે ગીત છે. તથા ગીત એ કવિતા અને સંગીતના સહિયારા સીમાડા ઉપર છોડે છે.''
- સુન્દરમ્ (સાહિત્યચિંતન ગીતનું સ્વરૂપ)
- ''ઉત્કટ ભાવોધ્વેકની લયપૂર્ણ ગાનાભિવ્યક્તિ એટલે ગીત''
- લાભશંકર પુરોહિત
- ''ગીત એટલે શબ્દ અને કલ્પના દ્વારા મુક્ત અ લયાત્મક અભિવ્યક્તિ માટે મથતું કાવ્યત્વ''
- રમેશ પારેખ (મુદ્રાંકનઃ એપ્રિલ-91)
- ''અસંખ્ય લય, તાલ, આવર્તન, ઢાળ, તરજ, સમેત માણસના રસ અને ઉર્મિઓને આંદોલિત કરતું લઘુ માધ્યમ તે મારે મન ગીત''
- મનોહર ત્રિવેદી
- ''ગીતનો આકાર સાથે નહિં, અનુભૂતિ સાથે નાતો છે.''
- વિનોદ જોશી

  બંગાળી સાહિત્યમાં પણ કવિવર ટાગોરે ગીતની વ્યાખ્યા આપતાં કહ્યું છે-

''ગીતનો સૂર જે મિજાજ પેદા કરે અને ગીતના શબ્દો એ મિજાજનો વિશેષીકૃત સ્પષ્ટીકૃત અને વિસ્તૃત કોઇ ભાવ પ્રકટ કરતો હોય ત્યારે શબ્દ અને સૂરનો હરિ-હરાત્મક સંબંધ સ્થપાય છે.'' (પરબ- એપ્રિલ 79)

ઉપરોક્ત વ્યાખ્યાઓ 'ગીત' વિશેની જોતાં આપણને ગીતના સ્વરૂપનાં લક્ષણોનો ખ્યાલ આવે છે. આમ તો દરેક વ્યાખ્યામાં ક્યાંક ને ક્યાંક ગીતમાં ઉર્મિને પ્રેરકપોષક બળ તરીકે પ્રાધાન્ય મળ્યું હોય એવું જણાઇ આવે છે. અંગ્રેજી સંજ્ઞા લિરિકનો સ્વીકૃત ગુજરાતી પર્યાય 'ઉર્મિકાવ્ય' છે. લિરિકનો અર્થ પાશ્ચાત્ય સાહિત્યમાં લાયર (વીણા) સાથે ગવાતું ગીત એવો કરવામાં આવે છે.

ઉર્મિપ્રધાન હોય એવા કાવ્યનો વિભાગ ઉર્મિકાવ્ય બન્યો એની પેટા-જાતિઓ જે થઇ તેમાં પદ, ભજન, રાસ, ગરબીઓ, કરુણપ્રશસ્તિ ગીત, ગઝલ, મુક્તક, સૉનેટ વગેરેનો ગુજરાતી કાવ્ય સાહિત્યમાં સમાવેશ થયો. આમ ઉર્મિકાવ્યનો પેટા-પ્રકાર ગીત છે. એમાં પણ ઉર્મિકાવ્યના બધા જ ગુણ અપેક્ષિત છે. ગીત હૃદયની સાહજિક, સરળ, નિર્મળ, નિર્વ્યાજ ઉર્મિનું નિરૂપણ કરે છે. વળી ઉર્મિકાવ્યની જેમ જે ગીતમાં પુણ ઉર્મિની પ્રબળતા ઉત્કટતા તથા એકાત્મકતા હોય છે.

**સંદર્ભ**


1. ગીત રસકીય કોટી - લાભશંકર પુરોહિત
2. ગુજરાતી ગીત કલ્પન નિયોજન સંદર્ભે - નીતિન વડગામા
3. સાહિત્ય ચિંતન - સુંદરમ્



**Dr. Rajendra Kumar k. Makwana**

Associate professor

Department of Gujarati

Shri S. R. Bhabhor Arts College , Singvd